**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોના સાંસ્કૃતિક વિકાસ માટે યુવક અને મહિલા મંડળોને નાણાંકીય સહાય.**

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
સુધારો ક્રમાંક:બકર-૧૫૭૯-૮૨૯૨૨-છ,
સચિવાલય, ગાંધીનગર, તા.૩-૧૨-૭૯.
4 DEC 1979

વંચાણમાં લીધા :-

(૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧-૪-૭૮નો ઠરાવ ક્રમાંક:બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-છ.

(૨) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭-૧૨-૭૮નો ઠરાવ ક્રમાંક:બકર-૧૫૭૮-૭૬૦૪૩-છ.

(૩) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૪-૬-૭૯નો ઠરાવ ક્રમાંક:બકર-૧૫૭૯-૨૨૯૧૧-છ.

(૪) સચિવ, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગાંધીનગરનો તા.૨-૧૧-૭૯નો પત્ર ક્રમાંક:પવબ-વજન-૨૦-૧૮૫૧-૭૯.

---

સુધારો :-

બક્ષી પંચે સુચવેલ ૮૨ જ્ઞાતિઓ/વર્ગો/જુથોના તથા આર્થિક પછાતવર્ગોના યુવકો અને મહિલાઓમાં જાગૃતિ આવે અને તેઓના કલા, કૌશલ્ય, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિકાસ થાય તે હેતુથી યુવકને વાર્ષિક સભ્ય ફી પેટે રૂ.૧૦/- અને મંડળ દીઠ વધુમાં વધુ રૂ.૧૦૦/- વાર્ષિક સહાય ફી અગર તો સાધનો ખરીદવા આપવાનું નક્કી કરેલ અને તે મુજબ ૧૯૭૮-૭૯ના વર્ષ માટે મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૭-૧૨-૭૮ના ઠરાવ ક્રમાંક:બકર-૧૫૭૮-૭૬૦૪૩-છ, થી મંજુરી આપવામાં આવેલ સરકારશ્રીએ આ યોજના ૧૯૭૯-૮૦ના વર્ષમાં ચાલુ રાખવાનું ઠરાવ્યું છે અને તે અંગેના હુકમો મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૪-૬-૭૯ના ઠરાવ ક્રમાંક:બકર-૧૫૭૯-૨૨૯૧૧-છ, થી કરવામાં આવેલ છે. તેમાં આંશિક સુધારો કરીને યુવક કે મહિલાને વાર્ષિક સભ્ય ફી પેટે રૂ.૧૫/- અને મંડળ દીઠ વધુમાં વધુ રૂ.૩૦૦/- વાર્ષિક સહાય ફી અગર તો સાધન ખરીદવા આપવાનું નક્કી કરવામાં આવે છે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેનો આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર " ૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ -ચ-બીજા સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ (ખ) સામાજિક શૈક્ષણિક રીતે પછાત જાતિઓનું કલ્યાણ (૧૮) બીસીકે ૧૩૬ યુવક અને મહીલા મંડળોનો રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંગે નાણાકીય સહાય"

....૨/-

અને આર્થિક રીતે પછાત વગેરે માટેનો ખર્ચ "૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ-ચ-બીજા સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ (૩૮) બીસીકે-૧૩૬-યુવક અને મહીલા મંડળોને રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહાય" ખાતે ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો.

૩. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણાંકીય સલાહકારશ્રીની તા.૨૦-૩-૭૯ની સંમતિથી આ સુધારો બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.ડી.ઠાકર
ઉપસચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

X રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશશ્રીઓ,
સચિવાલયના બધા વિભાગો,
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
X વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ૮, મીલ અધિકારીઓની કોલોની, આશ્રમ રોડ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, સેકટર-૧૬, પાટનગર યોજના ભવન, ગાંધીનગર (વધારાની ૫ નકલો સાથે)
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ (વધારાની ૧૫ નકલો સાથે)
બધા જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (રાજ્ય) અને (પંચાયત)
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
પ્રાયોજના વહીવટદાર (આદિવાસી વિસ્તાર પેટા યોજના)ના તાબા હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ,
નાણાં શાખા, મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની અન્ય શાખાઓ,
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર, આ અંગે અખબારી યાદી બહાર પાડવા અર્થે.
સિલેક્ટ ફાઈલ ક-શાખા.

---

X પત્ર દ્વારા.